# શ્રમિક અન્નપુર્ણા યોજના

**પ્રસ્તાવના :-**

રાજ્યમાં વિવિધ જિલ્લામાં વસવાટ કરતા બાંધકામ શ્રમિકો મોટા ભાગે ગ્રામ્ય વિસ્તારના હોય છે. આ જિલ્લાઓમાં મોટા ઉદ્યોગોનો અભાવ હોવાથી સ્થાનિક કક્ષાએ જીલ્લામાં રોજગારીની તકો મળતી નથી. તેથી ગ્રામ્યકક્ષાએથી મોટાભાગે બાંધકામ ક્ષેત્રે અન્ય મોટા શહેરોમાં શ્રમિકો રોજગારી મેળવવા આવે છે. તેઓ સવારે રોજગારી માટે શહેરમાં ભરાતા કડીયાનાકા ઉપર આવતા હોય છે જેથી તેઓને સવારે વહેલા રસોઈ તૈયાર કરવાની હોય છે તેઓ ક્યારેક કડીયાનાકા ઉપર નાસ્તો કરીને આખો દિવસ ચલાવતા હોય છે, જેથી તેમને પોષણયુક્ત આહાર મળતો નથી. જેથી સવારે કડીયાનાકા ઉપર થી રાહત દરે સાત્વિક ભોજન આપવામાં આવે તો તેઓ તંદુરસ્ત રહી શકે જેથી કડીયાનાકા પરથી રાહત દરે સાત્વિક ભોજન આપવા માટે વિચારેલ.

**ઉદેશ્ય:-**

બાંધકામ શ્રમિકોને પોષ્ટિક અને સાત્વિક ભોજન રાહત દરે મળી શકે તેવા હેતુ થી શ્રમિક અન્નપુર્ણા યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

**યોજનાનું અમલીકરણ :**

આ યોજનાનો પ્રાયોગિક ધોરણે તા.૧૪/૬/૨૦૧૭ થી અમલ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત શ્રમિક ફાળાની રકમ માં ઘટાડો કરીને રૂ.૧૦/-માંથી રૂ.૫/- કરવા આવેલ છે.

**ભોજન મેનુ :**

શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત માત્ર રૂ ૫/- માં શ્રમિક તથા તેના પરિવારને પોષ્ટિક ભોજન આપવામાં આવશે જેમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણુ, મરચા અને ગોળનો સમાવેશ થાય છે. વધુમાં સપ્તાહમાં એક વાર સુખડી જેવા મિષ્ટાન્નનો પણ સમાવેશ થાય છે.

**કાર્ય પધ્ધતિ :**

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ઈ-નિર્માણ પોર્ટલમાં નોંધાયેલ શ્રમિકોને શ્રમિક અન્નપુર્ણા યોજનાનો લાભ અપાય છે. શ્રમિક અન્નપુર્ણા યોજનાનો લાભ લેવા માટે બાંધકામ શ્રમિકે પોતાનું ઈ-નિર્માણ કાર્ડ લઈ, શ્રમિક અન્નપુર્ણા યોજનાના ભોજન વિતરણ કેન્દ્ર પર જવાનું થાય છે. કાર્ડમાં દર્શાવેલ ઈ-નિર્માણ નંબર અથવા ક્યુ.આર. કોડ સ્કેન કરાવી ભોજન વિતરણ કેન્દ્ર પરથી શ્રમિકને રૂ. ૫ /- માં ટોકન આપવામાં આવે છે. ત્યાં શ્રમિકને પોતાના ટીફીનમાં અથવા જમવા માટે ભોજન આપવામાં

આવે છે. બાંધકામ શ્રમિકને એક ઈ–નિર્માણ કાર્ડ મારફત પોતાના પુરા પરિવાર માટે એક સમયનું ભોજન મળવા પાત્ર છે.

જે લાભાર્થીઓ પાસે ઈ–નિર્માણ કાર્ડ ન હોઈ તેઓના માટે બુથ પર જ બાંધકામ શ્રમીકની હંગામી નોંધણી થાય છે અને ૧૫ દિવસ સુધી ભોજન મેળવી શકે છે. ઈ–નિર્માણ કાર્ડ ઇશ્યુ થયેથી તે કાર્ડના આધારે શ્રમિક ભોજન મેળવી શકે છે.

શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત અમદાવાદ –૪૭, ગાંધીનગર –૪ ,વડોદરા –૧૨ સુરત–૧૮, નવસારી–૩ વલસાડ–૬ રાજકોટ–૯ , મહેસાણા –૭ અને પાટણ –૮ એમ કુલ ૧૧૪ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત થયેલ છે